Reg. No. G-24365
ડૉ.અરમાન એમ. બાયડ B.H.M.S.
ફેમીલી ફીઝીશીયન એન્ડ સર્જન
+ બાયડ ક્લિનિક +
નાના બાળકોથી વૃદ્ધો સુધીના તમામ રોગોની સચોટ નિદાન અને સારવાર
મદીના નગર, મોટાપીર રોડ ચોકડી, ભુજ.
ફોન : ૯૯૦૯૨ ૨૬૨૫૫ - સમય : સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૯

સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું (અલ-કુર્આન ૧૭ : ૮૧)

ફારૂક FAROOQ 25th YEAR
www.farooqsaptahik.com
POSTAL REGN. No. G-KCH-146/2024-2026
Posting at BHUJ On Every FRIDAY • સાપ્તાહિક

Hooma Tea
એક અચ્છે દિન કી શુરૂઆત.... હુમા ચાય કી ચુસ્કી કે સાથ....
હુમા ચા
૧૦૦% નેચરલ સ્વાદ જે આપે તાજગીનો અહેસાસ
F.A. TRADING CO.
મુ. લુણી, તા. મુંદરા, જી. કચ્છ-૩૭૦૪૧૦. કસ્ટમર કેર નં. : ૮૨૩ ૮૨૩ ૭૫૧૫

RNI No. GUJ GUJ / 2000 / 2443 ★ Year - 25th ★ Issue - 12 ★ Rabi'ul Akhir - 14, H. 1446 ★ 18-OCTOBER-2024, Friday ★ Pages - 4 ★ Price – Rs. 3/- ★ Visit us at : Farooqsaptahik.com
વાર્ષિક લવાજમ – Rs. 150/- ★ 'ફારૂક' સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો : ફારૂક કાર્યાલય, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન : 98253 76396. ★ E-mail : farooqsaptahik@gmail.com

લોરેન્સ બિશ્નોઈનું નેટવર્ક સાબરમતી જેલની દિવાલોથી વધુ મજબૂત ?!

૧૨ ઓક્ટોબરની રાત્રે મુંબઈમાં મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી રહી ચૂકેલા અજીત પવાર NCP જુથના બાવા સિદ્દીકીની હત્યા ગોળીઓથી વિંધીને કરી દેવામાં આવી. બાબા સિદ્દીકને Y સ્તરની સુરક્ષા આપવામાં આવતી હતી. તા. ૧૩ ઓક્ટોબરના શુબ્બુ લોંકર મહારાષ્ટ્રના ફેસબૂક પેજ પર બોલીવુડ અભિનેતા સલમાનખાનને લિન્ક કરી પોસ્ટ કર્યું છે કે, ''સલમાન ખાન, અમે ક્યારેય આ યુધ્ધ ઈચ્છતા ન હતા, પરંતુ તમે અમારા ભાઈને નુકસાન પહોંચાડ્યું છે. ભલે બાબા સિદ્દીકી સુરક્ષા હેઠળ હોય, બોલિવૂડ, રાજકારણ અને પ્રોપર્ટીના વ્યવહારમાં અમને કોઈની સાથે દુશ્મની નથી, પરંતુ જે કોઈ સલમાન ખાન અને દાઉદની ગેંગને મદદ કરશે તેણે તેમના હિસાબ સ્પષ્ટપણે રાખવો પડશે, અને જો અમારા ભાઈને કોઈ નુકસાન થશે તો અમે ચોક્કસ જવાબ આપીશું. જય શ્રી રામ, જય ભારત ઈલોરેન્સ બિશ્નોઈ ગ્રુપ.''

તા. ૧૫–૧૦ ના કેનેડાના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ટોરેન્ટોમાં પત્રકાર પરિષદ યોજીને કહ્યું છે કે, (ખાલિસ્તાન તરફી) કેનેડીયન નાગરિકોની હત્યા માટે ભારત બિશ્નોઈ ગેંગનો ઉપયોગ કરે છે. ભારત સરકારે કેનેડાના આ આરોપોને તથ્ય વિહોણા ગણાવ્યા છે અને નકારી કાઢ્યા છે. અમદાવાદની સાબરમતી જેલમાં કેદ લોરેંસ બિશ્નોઈ સંગીન ગુનાઓના આરોપો તળે કડક સુરક્ષા હેઠળ છે. બિશ્નોઈ ડ્રગની દાણચોરીના કેસના સંબંધમાં ઓગસ્ટ ૨૦૨૩માં દિલ્હીની તિહારથી સાબરમતી જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો અને ગૃહ મંત્રાલયે ફોજદારી પ્રક્રિયા સંહિતા (CrPC)ની કલમ ૨૬૮ હેઠળ એક આદેશ જારી કર્યો હતો જેમાં જણાવાયું હતું કે, કોઈપણ રાજ્ય કે એજન્સી આ કેસમાં એક વર્ષ સુધી તેની કસ્ટડીની માંગ કરી શકશે નહીં, આ સમયગાળો હવે વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા બાબા સિદ્દીકીની હત્યા તેના ઈશારે થઈ હોવાનું બહાર આવતા અને છેક કેનેડામાં બિશ્નોઈ ગેંગની સરકારી સ્તરે ચર્ચા થઈ હોવાથી રાજકીય બાબતો સાથે જોડાયેલા રાજકીય અને બિનરાજકીય વ્યક્તિઓએ પોતાનો જે સૂર વ્યક્ત કર્યો છે તે પોતાનામાં ઘણું બધું કહી જાય છે.

ફિલ્મ નિર્માતા વિનોદ કાપડીએ કહ્યું છે કે, ગુજરાતની જેલમાં બંધ અપરાધી કઈ રીતે હત્યાઓ કરાવી રહ્યો હશે ? આ પ્રશ્નનો જવાબ ધોરણ ચારનો બાળક પણ આપી શકે છે. લોકસભા સાંસદ પપ્પૂ યાદવે કહ્યું છે કે, કાયદો પરવાનગી આપે તો ૨૪ કલાકમાં લોરેંસ બિશ્નોઈ જેવા બે ટકાના અપરાધીનો આખો નેટવર્ક ખતમ કરી નાખું. કોંગ્રેસ પ્રવક્તા અને સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ કહ્યું છે કે, જો મહારાષ્ટ્ર સરકાર પોતાના નેતાને સુરક્ષા ન આપી શકી તો જનતાને શું સુરક્ષા આપશે ? ઉધ્ધવ ઠાકરે, શિવસેનાના સંજય રાઉતે કહ્યું છે કે, ''એકનાથ શિંદેમાં હિમ્મત હોય તો બાબા સિદ્દીકના સાઝિશકર્તાઓનું એન્કાઉન્ટર કરી બતાવે.''

વલ્લાહો અઅ્લમો

○ પપ્પા !
☐ જી, બેટા !
○ મુખ્ય પ્રવાહની મીડિયા હમાસ, હિઝ્બુલ્લાહને આતંકવાદી સંગઠનો દર્શાવી રહી છે જ્યારે કે લેબનોનમાં રાષ્ટ્ર સંઘના મથક પર ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે (યહૂદી સેના) આક્રમણ કર્યું છે. શું ઈઝરાયલના આરોપો મુજબ શાળાઓ, હોસ્પિટલો, નિરાશ્રિત સ્થળોની જેમ હમાસ, હિઝ્બુલ્લાહ દ્વારા રાષ્ટ્ર સંઘ મથકને પણ સુરક્ષા કવચ તરીકેનો ઉપયોગ કરવામાં આવે છે ?
☐ વલ્લાહો અઅ્લમો !!

નવેમ્બર ઉમરાહ | ગ્રુપ દિવસ 19 1,05,000₹
મક્કા શરીફ હોટલ 600 mtr · બદર જિયારત · તાઈફ જિયારત · મદીના શરીફ હોટલ 150 mtr
રવાનગી : 13 નવેમ્બર | અમદાવાદ થી ડાઈરેક્ટર ફ્લાઈટ
સવારે નાસ્તો, બપોર તથા રાત્રે સ્વાદિષ્ટ જમવાનું (બુફે સિસ્ટમ)
AC બસ દ્વારા જીયારત | ફ્રી લોન્ડ્રી | ઝમ ઝમ ૫ લીટર ફ્રી
SINCE 1997
હાજીપીર હજ ટુર
99796 78692 | 90650 78692
ઓફિસ નંબર 2, 192, અલ્ફા આર્કેડ, સુમરા ડેલી ચાર રસ્તા, આશાપુરા રીંગ રોડ, ભુજ-370001. કચ્છ-ગુજરાત ભારત
@hajipirhajtour · Hajipir Haj Tour · hajipirhajtour.com

પાસપોર્ટ માર્ગદર્શન કેમ્પ
- જૂની-નવી પાસપોર્ટ બનાવવા માટે સચોટ અને સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે.
- જરૂરી દસ્તાવેજો, ફોટો સાથે લાવવા.
- તદ્દન વ્યાજબી ભાવે માર્ગદર્શન આપવામાં આવશે.
તા. ૨૦/૧૦/૨૦૨૪, રવિવાર, સવારે ૧૦ થી ૧
હાજીપીર હજ ટૂર
પ્રથમ માળ, અલ્ફા આર્કેડ, સુમરા ડેલી ત્રણ રસ્તાની બાજુમાં, ભુજ-કચ્છ. ફોન : 9065078692, 9687778692, 9067777396.

શિફા હોસ્પિટલને અદ્યતન એમ્બ્યુલન્સ દાનમાં મળી

અન્ય એક દાતા દ્વારા રૂા. ૭.૫ લાખ દાનની જાહેરાત

(ન્યૂઝ ડેસ્ક)

તા. ૧૦–૧૦ ના મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ કાર્યાલય, ભુજ ખાતે ટ્રસ્ટની કારોબારી સભા મળી હતી જેમાં મૌલાના સૈયદ હાજી મોહમ્મદઅમીનશા હાજી અહમદશા તથા જનાબ સૈયદ હાજી મોહમ્મદસલીમશા હાજીજહાંગીરશા આમંત્રિત મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ખત્રી હાજીયાણી બિલ્કીસબાનુ હાજીયુસુફ ખત્રી (ગાંધીધામ) દ્વારા ફરતા દવાખાના તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવી અદ્યતન એમ્બ્યુલન્સ આમંત્રિત મહેમાનોના હસ્તે સંસ્થાને દાનમાં આપવામાં આવી હતી. શિફા હોસ્પિટલ પૂર્ણપણે શરૂ થાય તે અગાઉ આ એમ્બ્યુલન્સનો ઉપયોગ કચ્છના અંતરિયાળ વિસ્તારમાં સંલગ્ન સંસ્થાઓ દ્વારા યોજાતા આરોગ્ય કેમ્પમાં ફરતા દવાખાના તરીકે કરવામાં આવશે. મુંદરા સ્થિત કારવાઁને મુસ્તફા હોસ્પિટલના સંયુક્ત આયોજનથી નજીકના ભવિષ્યમાં ખાવડા (ભુજ), ગઢશીશા (માંડવી), સામખિયારી (ભચાઉ), આડેસર (રાપર), મીઠી રોહર – ખારી રોહર (ગાંધીધામ), વીડી (અંજાર), કોઠારા (અબડાસા), દયાપર (લખપત) ખાતે આરોગ્ય કેમ્પ યોજવામાં આવશે તથા મુંદરા ખાતે મેઘા સ્પેશ્યાલીટી કેમ્પ યોજવામાં આવશે.

મરહુમ કુંભાર ઈસ્માઈલ હાજી સાલેમામદે પોતાની હયાતી દરમ્યાન શિફા હોસ્પિટલને એક રૂમ દાન કરવાની ઈચ્છા સૈયદ અનુબાપુ (અંજાર) પાસે વ્યક્ત કરી હતી પરંતુ બિમારીના કારણે મરહુમ વફાત પામ્યા હતા. સૈયદ અનુબાપુએ મરહુમની ઈચ્છા જ્યારે તેમના પરિવારજનોને જણાવી તો ખેડોઈવાલા હાલે અંજારના કુંભાર હાજીસાલેમામદ દાઉદ, કુંભાર જાફર હાજીસાલેમામદ, કુંભાર મામદ હાજીસાલેમામદ દ્વારા રૂા. ૭,૫૧,૭૮૬/– ના દાનની જાહેરાત મરહુમના ઈસાલે સવાબ અર્થે કરાઈ છે. સૈયદ અહમદશા ખેડોઈવાલા ઉપસ્થિત રહ્યા હતા.

ડિસેમ્બર ૨૦૨૪ સુધી સ્ટ્રકચર બાંધકામ પૂરૂં થઈ જાય અને વર્ષ ૨૦૨૫ના અંત સુધી હોસ્પિટલ પૂર્ણપણે

(અનુસંધાન પાના ૨ ઉપર)

₹ 77,000/- ✻ 15 દિવસ ડાયરેક્ટ ફલાઈટ
રવાનગી : ૧૬ નવેમબર ઈન્શાઅલ્લાહ
અમદાવાદ થી જીદ્દાહ ★ ભુજ થી ભુજ સર્વિસ
મક્કા–મદીનાની મુકદસ ઝિયારતો. કચ્છી મુઅલ્લીમની સાથે તમામ અરકાન, સ્વાદિષ્ઠ ભોજન, હેન્ડ બેગ, લગેજ બેગ, લોન્ડ્રી, ૫ લીટર ઝમઝમ.
નૂરે મુજસ્સમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હાફીઝ હાશીમ અત્તારી : 9909726839
મંધરા અકબર ઓસમાણ : 9274313013
અલીભાઈ ખલીફા, મુંદરા : 9978217557

Trusted Since 1864
RIGHT CHOICE PRICE
પ્રદર્શન અને વેચાણ
ગોલ્ડ જ્વેલરી મેકિંગ ચાર્જિસ ફ્લેટ ₹499 પ્રતિ ગ્રામ*
ડિઝાઈનર ₹699 & સ્ટડેડ ₹899 ગોલ્ડ જ્વેલરી*
હીરા ના ઘરેણા પર કોઈ ઘડામણ નથી*
ડાયમંડ જ્વેલરીની ખરીદી પર મફત ગોલ્ડનો સિક્કો*
Tyohaar Matlab
tbz® The original since 1864
*શરતો લાગૂ
સ્થળ : હોટલ પ્રિન્સ, સ્ટેશન રોડ, ભુજ-કચ્છ.
તારીખ : ૧૯ અને ૨૦ ઓક્ટોબર ૨૦૨૪
સમય : સવારે ૧૦.૦૦ થી રાતે ૯.૦૦
Tagore Road, Near Maharashtra Mandal, Gandhidham
(02836- 235006 / 235008)
AXIS BANK dil se open ₹5,000 CASHBACK*

WAY 2 MAP IATA INTERNATIONAL TOURISM Xplore / Educate / Enjoy...
હજ 2025 એડવાન્સ બુકિંગ
હિલ્ટોન પેકેજ 6,50,000 ₹
ડિલક્ષ પેકેજ 6,00,000 ₹
રવાનગી ૪-૧૧-૨૦૨૪
વેકેશન ઉમરાહ 2024 ડિલક્ષ પેકેજ
દિવસ ૧૫ ₹86,000/-
દિવસ ૨૦ ₹95,000/-
માંડવી થી માંડવી ★ ભુજ થી ભુજ
અમારા તરફથી આપવામાં આવતી કિટ
મોટું બેગ, પાસપોર્ટ બેગ, મુસલ્લો, સ્લીપર બેગ, ઉમરાહની કિતાબ, ૭ દાણાવાળી તસ્બીહ, લોન્ડ્રી, ૫ લી. ઝમઝમ, ૩ ટાઈમ કચ્છી અને ગુજરાતી શુદ્ધ ભોજન, અનુભવી ગાઈડ પુરા સફરમાં સાથે રહેશે.
અમારી સર્વિસીસ
મક્કા અને મદીના શરીફની જીયારતો, મસ્જીદે જુરાનાથી ઉમરાહ, તાઈફની જીયારત સાથે ઉમરાહ, મેદાને બદરની જીયારત
ઉમરાહમાં જતા પહેલા ઉમરાહની તરબીયત અને તમામ અરકાનો તથા સફરની તમામ જાણકારી આપવામાં આવશે
એહમદ મેમણ, ભુજ 9998707032
પરવેઝ શેખ, ભુજ 8140585252
મહેબુબ બલોચ, માંડવી 8866462757
અબ્દુલગની જત, ભુજ 9978862189
ઈમ્તિયાઝ સમા, ભુજ 9974759494
મહેમુદશા સૈયદ, ધ્રબ-મુંદરા 8160601699
સૈયદ હકીમશા, સલાયા 9586436163
અસલમ સોઢા, નલીયા 9106602051
હેડ ઓફિસ : શોપ નં. ૩, દિતી આર્કેડ, ભાદરકા હોસ્પિટલ સામે, હોસ્પિટલ રોડ, ભુજ. ઈરફાન મેમણ - ૮૪૬૯૧ ૭૧૯૮૪
માંડવી ઓફિસ : કલવાન રોડ, જોશી રોટીવાલાની ઉપર, માંડવી-કચ્છ. આસીફ તુરીયા - ૮૫૩૦૩ ૫૪૮૮૬

આસમાન સે ટપકે, ખજૂરમેં અટકે.
– હિન્દી કહેવત.

ફારૂક સાપ્તાહિક
તંત્રી સ્થાનેથી...

હરિયાણા ચૂંટણી પરિણામોએ મતોનું મૂલ્ય સમજાવ્યું

હરિયાણાની ચૂંટણીઓ તા. 5-10 ના સંપન્ન થઈ અને તે સાંજે લગભગ તમામ એક્ઝિટ પોલના તારણ દર્શાવી રહ્યા હતા કે હરિયાણાની સત્તા કોંગ્રેસના હાથમાં આવે છે. ભાજપે 10 વર્ષ બાદ સત્તામાંથી ખસી જવું પડશે. એક્ઝિટ પોલ કસોકસ (Neck to neck) ન હતા બલ્કે એકતરફી હતા. 90 બેઠકની હરિયાણા વિધાનસભામાં ભાજપને મળનારી બેઠકોનું અનુમાન 35 બેઠક થી ઓછો હતો એટલે બહુમતથી 10 બેઠક ઓછી. એક્ઝિટ પોલના અનુમાન પોતાના સ્થાને યોગ્ય હતા કારણ કે વર્ષ 2019 ની સરખામણીએ કોંગ્રેસનો વોટ શેર 10.83% નોંધનીય રીતે વધ્યું હતું અને લોકસભાની ચૂંટણીઓમાં પણ કોંગ્રેસે હરિયાણામાં 10માંથી પાંચ બેઠક જીતી હતી. અનુમાન ખોટા પડવાનું કારણ એ હતું કે કોંગ્રેસના વોટશેરમાં અસાધારણ વધારો છતાં ભાજપના વોટશેરમાં કોઈ ઘટાડો ન થયો બલ્કે 3.24% વધારો થયો. આ ચૂંટણીઓમાં ભાજપનો વોટશેર 39.94% છે. જ્યારે કોંગ્રેસને 39.09% મત મળ્યા છે એટલે બન્ને મુખ્ય પક્ષો વચ્ચે માત્ર 0.85% નો અંતર રહ્યો છે પરંતુ આ તફાવતે બન્ને પક્ષ વચ્ચે ૧૧ બેઠકની સરસાઈ ઊભી કરી છે. કોંગ્રેસને જે લાભ થયો તે નાના પક્ષોના વોટશેરનો હિસ્સો હતો. સાથે સાથે નાના પક્ષો સાથે ગઠબંધનના અભાવે બહુ ઓછી માત્રામાં ફંટાઈ ગયેલા મતોએ કોંગ્રેસને સ્પષ્ટ નજર આવતી જીતથી વંચિત રાખ્યા તેમજ નિરવ પગલે ભાજપે અપક્ષો મેદાનમાં 'મદદ' કરી તેનાથી કોંગ્રેસ બેખબર–બેફિકર રહી અને મતોના વિભાજને તેની બાજી બગાડી નાખી. હરિયાણાના ચૂંટણી પરિણામો મતદારોને તેમના મતોનું મૂલ્ય સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે. જો મતદાનમાં આળસ કરવામાં આવે અથવા સ્પર્ધામાં હોય તેવા મુખ્ય ઉમેદવારો સિવાય કોઈ લોભ–લાલચ કે લાગણીમાં આવી અન્યત્ર મતદાન કરવામાં આવે તો મતોનું કોઈ મહત્વ રહેતો નથી. કોંગ્રેસ માટે પણ પરિણામો સબક છે કે હરિયાણામાં શાસન વિરોધી લહેર હોવાથી કોંગ્રેસને પોતાની જીત નજર આવતી હતી પરંતુ જીત ફક્ત નજર આવવાથી પ્રાપ્ત નથી થતી તેના માટે મગજની તમામ બારીઓ ખુલ્લી રાખવી પડે છે અને જે પ્રાદેશિક નેતાઓને ચૂંટણી જવાબદારી સોંપી દેવામાં આવે છે તેમના પર અતિરેકભર્યો વિશ્વાસ જીતેલી બાજીને હારમાં પલટાવી નાખે છે.

હરિયાણાની 90 બેઠકમાંથી ભાજપને 48, કોંગ્રેસને 37, અન્યોને 5 બેઠક પ્રાપ્ત થઈ છે. આમાંથી 14 બેઠક એવી છે જેમાં કોંગ્રેસનો જેટલા મતે પરાજય થયો છે તેનાથી વધુ મત ત્રીજા નંબરે આવેલ ઉમેદવારને મળ્યા છે. અર્થાત્ જો મતોનું વિભાજન ન થયું હોત અને ત્રીજા ક્રમે આવેલા ઉમેદવારના કેટલાક મતો કોંગ્રેસને મળ્યા હોત તો ચૂંટણી પરિણામનું ચિત્ર જુદું જ હોત. (૧) ઉચાનકલાં બેઠકપર કોંગ્રેસના બ્રિજેન્દ્રસિંહ માત્ર 32 મતે પરાજિત થયા છે, જ્યારે ત્રીજા ક્રમે આવનાર અપક્ષને 31,456 મત મળ્યા છે. (૨) દાદરી બેઠક પર કોંગ્રેસના મનીષા સાંગવાન 1957 મતે પરાજિત થયા છે, ત્રીજા ક્રમે આવેલ અપક્ષને 3713 મત મળ્યા છે. (૩) અસંધ બેઠક પર કોંગ્રેસના શમ્સેરસિંહ ગોગી 2306 મતે પરાજિત થયા છે, ત્રીજા ક્રમે આવેલ બસપાના ઉમેદવારને 27396 મત મળ્યા છે. (૪) મહેન્દ્રગઢ બેઠક પર કોંગ્રેસના રાઓ દાનસિંહ 2648 મતે પરાજિત થયા છે, ત્રીજા ક્રમે આવનાર અપક્ષને 20834 મત મળ્યા છે. (૫) સફીદોં બેઠક પર સુભાષ ગાંગોલી 4037 મતે પરાજિત થયા છે, ત્રીજા ક્રમે આવનાર અપક્ષને 20114 મત મળ્યા છે. (૬) રાઈ બેઠક પર કોંગ્રેસના જય અંતિલ 4671 મતે પરાજિત થયા છે, ત્રીજા ક્રમે આવનાર અપક્ષને 12262 મત મળ્યા છે. (૭) બાઢડા બેઠક પર કોંગ્રેસને સોમ વીરસિંહ 7585 મતે પરાજિત થયા છે, ત્રીજા ક્રમે આવનાર અપક્ષને 26730 મત મળ્યા છે. (૮) કાલકા બેઠક પર કોંગ્રેસના પ્રદીપ ચૌધરી 10833 મતે પરાજિત થયા છે, ત્રીજા ક્રમે આવનાર અપક્ષને 31688 મત મળ્યા છે. (૯) નરવાણા બેઠક પર કોંગ્રેસના સતબીર દબલૈન 11499 મતે પરાજિત થયા, ત્રીજા ક્રમે આવનાર INLDના ઉમેદવારને 46303 મત મળ્યા છે. (૧૦) સોહના બેઠક પર કોંગ્રેસના રોહતાસસિંહ 11877 મતે પરાજિત થયા છે, ત્રીજા ક્રમે આવનાર અપક્ષને 49210 મત મળ્યા છે. (૧૧) તોશામ બેઠક પર કોંગ્રેસના અનિરૂધ્ધ ચૌધરી 14257 મતે પરાજિત થયા છે, ત્રીજા ક્રમે આવનાર અપક્ષને 15859 મત મળ્યા છે. (૧૨) સમલખા બેઠક પર કોંગ્રેસના ધરમસિંહ છોકર 19315 મતે પરાજિત થયા છે, ત્રીજા ક્રમે આવનાર અપક્ષને 21132 મત મળ્યા છે. (૧૩) યમુના નગર બેઠક પર કોંગ્રેસના રમણ ત્યાગી 22437 મતે પરાજિત થયા છે, ત્રીજા ક્રમે આવનાર INLDના ઉમેદવારને 36067 મત મળ્યા છે. (૧૪) બરવાલા બેઠક પર કોંગ્રેસના રામનિવાસ ગોયેલ 26942 મતે પરાજિત થયા, ત્રીજા ક્રમે આવનાર INLDના ઉમેદવારને 29055 મત મળ્યા છે.

આ 14 બેઠકો એવી છે જેમાં હાર–જીતની સરસાઈ થી વધુ મત ત્રીજા ક્રમે આવનાર ઉમેદવારને મળ્યા છે, તે ઉપરાંત ૯ બેઠકો એવી છે જેમાં બે અન્ય ઉમેદવારને મળેલ મતોની સંખ્યા હાર–જીતની સરસાઈ થી વધુ છે. કુલ 90 બેઠકો પર 450 અપક્ષ ઉમેદવારોએ ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું, તે ઉપરાંત JJP, INLD, આપ, BSP, HLP, AJP મેદાનમાં હતા એટલે ભાજપ–કોંગ્રેસ સિવાય સરેરાશ 8 થી 9 જેટલા ઉમેદવાર ચૂંટણી મેદાનમાં હતા જેમણે કોંગ્રેસનો ખેલ બગાડયો છે. એક અખબારે અનુમાન વ્યક્ત કર્યું છે કે 150 એવા અપક્ષ હતા જેઓ કોંગ્રેસના 5000 થી વધુ મત તોડી શકવાની ક્ષમતા ધરાવતા હતા. ભાજપે તે અપક્ષોને પાછલા બારણે 'ખૂબ મદદ' કરી હતી.

ટુંકમાં હરિયાણાના ચૂંટણી પરિણામો કોંગ્રેસ માટે સબક છે. ફક્ત શાસન વિરોધી લહેરના આશરે સંતોષ માની ન લેવું જોઈએ બલ્કે સ્પષ્ટ જણાતી જીતમાં પણ પૂરી શક્તિ લગાવી દેવી જોઈએ અને મતદારો માટે સબક છે કે જે પોતાનો મત એવા ઉમેદવારને આપવું જોઈએ જ્યાં લેખે લાગે. વોટ કટૂઆ ઉમેદવારની પરખ મતદારને હોવી જોઈએ.

શરઈ અહકામ

(કુર્આન શરીફ અને અહાદીસે મુબારકાની રોશનીમાં)

સંકલન : હસીનાબેન એ. મારા (B.Sc., B.Ed.), ભુજ-કચ્છ.

વુઝૂ

(ગતાંકથી ચાલુ)

જો કોઈ વ્યક્તિના શરીર પર જખમના કારણે પટ્ટી બાંધેલી હોય તો હુકમ એ છે કે, એ પટ્ટીને જોવામાં આવે કે શું એ પટ્ટી એવી છે કે તેને ખોલી તે જખમ પર પાણી વહેવડાવે અને તે જખમ વધારે પાકશે નહિં તો પછી પટ્ટી ખોલી તે જખમ પર પાણી વહેવડાવવું ફરજ છે. બીજું એ કે પટ્ટીને ખોલી જખમ પર પાણી વહેવડાવવામાં આવશે તો વધારે પાકી જશે, પરંતુ પટ્ટી ખોલવાથી કંઈ નુકસાન થતો નથી તો હુકમ એ છે કે, પટ્ટી ખોલી દેવામાં આવે. પરંતુ જખમ પર પાણી વહેવડાવવામાં નહિં આવે. એના સિવાયનો જે ભાગ છે એને પાણીથી ધોઈ દેવામાં આવે. જેમકે હાથ ઉપર કંઈ વાગી ગયું છે તો પટ્ટી ખોલીને જેટલા ભાગમાં વાગ્યું છે એટલા ભાગને છોડીને તેના સિવાયના ભાગ ધોઈ લેવામાં આવે અને એ જખમ ઉપર પટ્ટી રાખીને પટ્ટી ઉપર માત્ર મસહ (સ્પર્શ) કરી લેવામાં આવે. જખમ પર મસહ કરવાની બે પરિસ્થિતિઓ છે, જો જખમ ઉપર મસહ કરી શકાતો હોય તો જખમ પર જ મસહ કરવામાં આવે અને જો તેના પર મસહ કરવું પણ નુકસાન પહોંચાડે છે તો જખમ પટ્ટી રાખીને મસહ કરે.

ત્રીજો પ્રકાર એ કે, પટ્ટી ખોલવામાં આવશે તો જખમ પણ વધારે પાકી જશે અથવા એવું છે કે જો એકવાર પટ્ટી ખોલી લીધી તો જે રીતે પટ્ટી બાંધી દેવામાં આવે છે એવી રીતે ન બાંધી શકે કારણ કે કમ્પાઉન્ડર પ્રેક્ટિસ કરેલા હોય છે તો અહીં પણ એ જ હુકમ છે કે, જે ભાગ પર પટ્ટી છે ત્યાં કોઈ જખમ નથી તો હવે આ પરિસ્થિતિમાં એ ભાગ પર પણ મસહ (સ્પર્શ) કરી લેવામાં આવે. એનાથી વુઝૂ કામિલ થઈ જશે.

નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વુઝૂ કરતી વખતે (દરેક અવયવ ધોતી વખતે) દુઆ પઢતા, આપે જ્યારે ચેહરો ધોયો તો દુઆ પઢી, મસહ કર્યો, હાથ ધોયા તો દુઆ પઢી, પરંતુ ઉલમાએ કિરામે લખ્યું છે કે, સૌથી અફઝલ એ છે કે ઈન્સાન દરેક અવયવને ધોવાથી પહેલા એકવાર દુરૂદ શરીફ પઢી લે. આ દુઆ તમામ દુઆઓથી અફઝલ છે અને તેના પર ઘણો બધો સવાબ પણ મળે છે.

સામાન્ય રીતે નવયુવાનો વુઝૂ કરી લીધા બાદ તે નેપકીન કે રૂમાલનો ઉપયોગ કરી પાણી ઝડપથી લૂંછીને મસ્જિદ તરફ દોટ મૂકે છે. વુઝૂના પાણીને સંપૂર્ણપણે શોષી કે સુકવી દેવું ખીલાફે મુસ્તહબ છે. નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યું છે કે, વુઝૂ કરી લીધા બાદ થોડું ઘણું ભેજ શરીરના અવયવ પર રહેવા દો આ તમારા નેકિઓના ત્રાજવામાં (મીઝાન પર) વજન કરવામાં આવશે. આથી પાણીને શોષી લેવામાં એટલું ધ્યાન રાખો કે પાણીના ટીપાં ટપકવાનાં બંધ થઈ જાય. પરંતુ એટલી તરી (એટલો ભેજ) રહેવા દો કે હાથ બિલકુલ શુષ્ક ન થઈ જાય. ઈન્શાઅલ્લાહ બરોઝે કયામત નામાએ આમાલમાં લખવામાં આવશે અને આપણા માટે બરકતનું માધ્યમ બનશે.

વુઝૂ કયા બાદ હાથ છાંટવામાં આવે છે, પોતાના હાથમાં જે પાણી હોય એ બધું પાણી છાંટી દે છે અને જ્યાં સુધી હાથમાંથી બધું પાણી નિકળી ન જાય ત્યાં સુધી ઝાટક્યા કરે છે. આ બાબત અયોગ્ય છે. હદીસે પાકમાં આ રીતે કરવાને શેતાનને પંખો નાખવો એ રીતે ફરમાવ્યું છે, જેનું નુકસાન એ હોય છે કે, તેઓ પોતાના વુઝૂનો પાણી એ રીતે ઝાટકે છે કે એના છાંટા સામેવાળા પર ઉડે છે. નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ આને શેતાનનો પંખો ગણાવ્યો છે, શેતાનને એનાથી હવા આવે છે. જો આનો દેખીતો અર્થ લેવામાં આવે તો શેતાનને હવા નાખવાથી તેને સુકૂન મળે છે. જો અહીં દેખીતો અર્થ ન લઈએ તો ઘણીવાર શેતાનનો વર્ણન કરવામાં આવે છે, પણ ખરેખર ત્યાં શેતાનને સંબોધન હોતું નથી. પરંતુ કોઈ ચોક્કસ કાર્યનું વર્ણન કરવાનો હેતુ હોય છે, ટૂંકમાં આ બાબત અયોગ્ય છે કારણ કે એનાથી શેતાનને ખુશી થશે. અલ્લાહ તબારક વ તઆલા તેનાથી ખુશ નથી થતો આથી આ રીતે હાથને ઝાટકવા ન જોઈએ.

યોગ્ય પધ્ધતિ એ છે કે, કોઈ નેપકીન, ટુવાલથી તેને સાફ કરી લેવામાં આવે. જો નેપકીન કે ટુવાલ ન હોય તો હાથ વડે ઘસીને (મસળીને) પાણી ટપકાવી દેવામાં આવે. આ રીતે પાણી સાફ થઈ જશે. આનાથી વધુ સાફ કરવાની (પાણી ટપકાંવવાની) પરવાનગી નથી. **(ક્રમશઃ)**

યુવા વિધવાઓના પુનઃનિકાહ માટે સમાજ આગળ આવે

લેખિકા :
શબનમ ફયઝાન ખત્રી
ભુજ-કચ્છ.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પૂરી દુનિયાનું નિઝામ પોતાના ઝિમ્મે લીધું છે જે થાય છે તે તેની મરજી અને તેની કદરતથી થાય છે. બીમારી, શિફા, અમીરી, ગરીબી, સેહત, તંદુરસ્તી, હયાતી અને મૌત એ બધું અલ્લાહની મરજીથી થાય છે. વૃક્ષનું એક પાંદડું પણ તેની મરજી વગર હલી સકતું નથી. તો મૌત અને જિંદગી પણ એની જ દેન છે. અલ્લાહ ઈચ્છે છે તેને લાંબુ જીવન આપે છે અને જેને ચાહે છે તેને જવાની સુધી પહોંચાડી પોતાની પાસે બોલાવી લે છે. આપણા સમાજમાં જોવા મળશે કે કેટલાક નવયુવાનો યુવાનીમાં જ મૃત્યુ પામે છે. આમાંથી કેટલાક યુવાનો પરણેલા હોતા તેમની પત્નીઓ યુવાનીમાં જ વિધવા બને છે. સમાજને અપીલ છે કે યુવા વિધવા બહેનોનું ઘર ફરીથી વસાવવા આગળ આવે.

હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પ્રથમ પત્ની મા ખદીજા રદિયલ્લાહો અન્હા જે આપથી ઉંમરમાં ૧૫ વર્ષ મોટા હતા અને વિધવા હતા. પણ તેમનાથી નિકાહ કરી આકા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પૂરી ઉમ્મતને સબક આપતા ગયા કે વિધવાથી નિકાહ કરી દુનિયા અને આખિરત કમાઈ શકો છો. આપણા સમાજમાં અનેક એવી બહેનો છે જે પોતાના ખાવિંદ વગર જાત મહેનત કરી પોતાનું અને બાળકોનું ભરણ–પોષણ કરતી હોય છે. સવાબની નિય્યતથી લોકો આગળ આવે આવી બહેનોની જિંદગી ફરીથી વસાવે અને દુઆઓ કમાવે. આવી બહેનોને પણ વિનંતી છે કે શરિઅતનો હુકમ છે કે પોતાના શોહરના ગયા પછી (ચાહે કોઈપણ ઉંમરમાં શોહર ગયા હોય) બીજા નિકાહ કરી શકે છે અને પોતાની અને પોતાના બાળકોની જિંદગી બહેતર બનાવી શકે છે.

સમાજને અપીલ છે કે આજના અત્યાધુનિક અને ઝડપી યુગમાં લોકો સોશ્યલ મીડિયાના સંપર્કમાં રહે છે. તો આપણે એવા ગ્રુપ બનાવીએ કે જેમાં વિધવા બહેનો અને વિધુર ભાઈઓને જોડી શકીએ. સમાજમાં એવા લોકો પણ છે કે જેઓ સગપણ કરાવવા જેવા દુઆઓના કામ કરે છે. તેઓ આ બાબતમાં ખાસ ધ્યાન આપે. લોકો એવું કરે છે કે જ્યાં વિધવા બહેનો હોય ત્યાં ઝકાત, રાશનકિટ અને બાળકોનું ભણતરનું ખર્ચા એ બધી જવાબદારી ઉપાડે છે. પણ વિચારવા જેવી વાત એ છે કે તેને આ બધી ચિઝોથી વધારે કાયમી સહારો, લાગણી અને મોહબ્બતની જરૂર હોય છે. યતીમો સાથે સારો વ્યવહાર કરવું નેક કાર્ય છે. યતીમો અને વિધવા બહેનો માટે કંઈક કરીએ.

આપણા માહોલમાં તલાકશુદા અને વિધવાથી નિકાહ કરવું એ લોકો ખોટું સમજી રહ્યા છે. આ વાત લોકોના મગજમાંથી ખસે અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મુબારક સીરતમાંથી બોધપાઠ ગ્રહણ કરે. સમાજના આગેવાનો આ કામની જવાબદારી લે કે જેથી કોઈ બહેન કોઈ બાળક દુઃખી ન રહે. કોઈ બાળક મા અને બાપના પ્યારથી વંચિત ન રહે.

અલ્લાહ પાક હર ઉમ્મતીને સેહતવાળી લાંબી જિંદગી અતા કરે. અલ્લાહ કહેવા, લખવાથી વધારે અમલની તૌફીક આપે. (આમીન).

(પ્રથમ પાનાથી ચાલુ)
શિફા હોસ્પિટલને અદ્યતન...

શરૂ થઈ જાય તે માટે સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા સમગ્ર કચ્છનો પ્રવાસ કરવામાં આવશે. દાતાઓ સહયોગ આપે તેમજ જે દાતાઓએ દાન જાહેર કરેલ છે તેઓ દાનની અદાયગી કરે તેવી અપીલ કરાઈ છે.

મૌલાના સૈયદ હાજી મોહમ્મદઅમીનશા ના અધ્યક્ષસ્થાને યોજાયેલ સભામાં ટ્રસ્ટના પ્રમુખ હાજી આદમ ચાકી, ઉપપ્રમુખો હાજીયુસુફ ખત્રી, હાજીસલીમ જત, મંત્રી યુસુફ એ. જત, ખજાનચી હાજી અબ્દુલકરીમ મેમણ, ટ્રસ્ટીઓ સૈયદ હાજીકાસમશા હાજીઅહમદશા, હાજીયાકુબ સોનારા, એડવોકેટ સાજીદ માણેક, હાજી અબ્દુલરશીદ ખત્રી, હાજીસિદ્દીક ત્રાયા, હાજીસલીમ મેમણ, સલાહકાર સભ્ય આર્કિટેક્ટ ફૈસલ ખત્રીએ ભાવિ આયોજનની ચર્ચામાં ભાગ લીધું હતું. હનીફ હુસૈન જતનો સહયોગ મળ્યો હતો. વ્યવસ્થા મજીદખાન પઠાણે સંભાળી હતી.

મેમુના આપાએ હદીયાની રકમ શિફામાં આપી

બાંધકામ ચાલુ છે ત્યાં સુધી હદીયાની રકમ દાનમાં આપતા રહેશે

(ન્યૂઝ ડેસ્ક) કચ્છના જાણીતા મુકર્રીરા મેમુના આપા કાદરીને રબીઉલ આખર માસની તકરીરોનો હદીયો કેરા (તા. ભુજ) ખાતે રૂા. ૫,૦૦૦/– અને સુમરા ડેલી, ભુજ ખાતે રૂા. ૧૦,૦૦૦/– મળેલ છે જે હદીયાની કુલ રકમ રૂા. ૧૫,૦૦૦/– મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટને દાનમાં આપેલ છે. ઉપરાંત તેમણે જાહેરાત કરી છે કે જ્યાં સુધી શિફા હોસ્પિટલનું બાંધકામ ચાલુ છે ત્યાં સુધી તકરીરના હદીયાની રકમ શિફાને દાનમાં આપતા રહેશે.

○ ઝમઝમ બોટલ ○ એહરામ બેલ્ટ
○ તસ્બીહ ○ સુરમો
○ ટોપી
○ મુસલ્લા
○ પોકેટ કુર્આન
○ પોકેટ ૩૦ પારા
○ અત્તર

મુસ્તફા કિતાબ ઘર
સુમરા ડેલી સામે, ભુજ-કચ્છ. ફોન નં. 9909226786.

ઇબાદત સપ્તાહ

તારીખ	સૂર્યોદય	સૂર્યાસ્ત	ઝવાલ	અસર	મગ્રીબ	ઈફતાર
૨૧–૧૦–૨૪	૬–૫૩	૬–૨૪	૧૨–૩૮	૪–૪૦	૫–૨૭	૬–૨૮
૨૨–૧૦–૨૪	૬–૫૩	૬–૨૩	૧૨–૩૮	૪–૪૦	૫–૨૮	૬–૨૭
૨૩–૧૦–૨૪	૬–૫૪	૬–૨૨	૧૨–૩૮	૪–૪૦	૫–૨૮	૬–૨૬
૨૪–૧૦–૨૪	૬–૫૪	૬–૨૨	૧૨–૩૮	૪–૪૦	૫–૨૮	૬–૨૬
૨૫–૧૦–૨૪	૬–૫૫	૬–૨૧	૧૨–૩૮	૪–૪૦	૫–૨૯	૬–૨૫
૨૬–૧૦–૨૪	૬–૫૫	૬–૨૦	૧૨–૩૮	૪–૪૦	૫–૨૯	૬–૨૪
૨૭–૧૦–૨૪	૬–૫૬	૬–૨૦	૧૨–૩૮	૪–૪૦	૫–૨૯	૬–૨૪

બાજુમાં દર્શાવેલ સમય ભુજ-માંડવી માટે છે.

કચ્છના અન્ય શહેરો માટે નીચે પ્રમાણે મિનિટો વધ-ઘટ કરવી

મુંદરા માટે ૨ મિનિટ બાદ કરવી
અંજાર માટે ૩ મિનિટ બાદ કરવી
કંડલા માટે ૩:૩૦ મિનિટ બાદ કરવી
ભચાઉ માટે ૫ મિનિટ બાદ કરવી
રાપર માટે ૬ મિનિટ બાદ કરવી
નખત્રાણા માટે ૨ મિનિટ ઉમેરવી
નલિયા માટે ૩ મિનિટ ઉમેરવી
લખપત માટે ૪ મિનિટ ઉમેરવી

અખિલ કચ્છ મુસ્લિમ વેણ સમાજના હોદેદાર વરાયા

(લિયાકતઅલી નોતીયાર દ્વારા)

સુમરાસર (શેખ) મધ્યે અખિલ કચ્છ મુસ્લિમ વેણ સમાજની સામાન્ય સભા પ્રમુખ હાજીઆદમ વેશા (લાલા, અબડાસા)ના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી જેમાં સમાજમાં શિક્ષણનું સ્તર વધે અને બાળકોને આગળ અભ્યાસ કરાવવા તમામ સમાજના આગેવાનો મદદ કરે સાથે વાલીઓ પણ બાળકોને શિક્ષણ મેળવવા મોકલે એવું સૂચન કરવામાં આવ્યું હતું. હોદેદારોની ટર્મ પૂરી થતાં નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી જેમાં સમાજના તમામ સદસ્યો દ્વારા લાલા ગામના હાજી આદમને પ્રમુખ તરીકે બિનહરીફ પુનઃ વરણી કરવામાં આવી. ઉપપ્રમુખ પદે લધુ સિદ્દીક (સુમરાસર) અને હાજીઆદમ જેમલ (જખૌ) જ્યારે મહામંત્રી પદે લાખિયાર હાજી ઓસમાણ (બાંડીયા), ખજાનચી તરીકે અનવર વેણ (સુજાવાંઢ લખપત)ની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી.

પ્રમુખ	ઉપપ્રમુખ	ઉપપ્રમુખ	મહામંત્રી	ખજાનચી

બહેનો માટે તકરીર

(ન્યૂઝ ડેસ્ક)

તા. ૧૯–૧૦–૨૪, શનિવાર, બપોરે ૩:૩૦ કલાકે બહેનો માટે તકરીર રાખવામાં આવેલ છે જેમાં સૈયદા જમીલામા સુખપરવાલા તકરીર ફરમાવશે. તમામ બહેનોને શિરકત કરવા જાહેર આમંત્રણ છે. સ્થળ : રોયલ સિટી–૧, ભક્તિનગરની બાજુમાં, ભુજ.

રેશનકાર્ડમાં અપરિચિત લોકોના આધાર કાર્ડ લિંકની સમસ્યા

છેલ્લા ઘણાં સમયથી સરકારી આદેશના કારણે દરેક ઘરમાં રેશન કાર્ડ હોય એમાં જેટલા નામો એના આધાર કાર્ડ સાથે લિંક કરી ‘KYC’ કરી લેવા જણાવ્યું છે અને એ અંગે મોબાઈલ કે ઈન્ટરનેટ દ્વારા લિંક પણ આપી છે. જોકે એ શેહરી અને મોબાઈલ તેમજ ઈન્ટરનેટના વપરાશ કર્તાઓ માટે ભલે સરળ પ્રક્રિયા હોય પણ ગ્રામ્ય ક્ષેત્રના વ્યક્તિઓ માટે એ સરળ નથી. એ માટે ગ્રામ્ય ક્ષેત્રના લોકો માટે મામલતદાર કચેરીનો સંપર્ક કરવો પડે છે. જ્યાં કુટુંબના આધાર કાર્ડમાં જેટલા નામ હોય, એ બધા પછી વૃધ્ધો હોય કે બાળકો અને સ્ત્રીઓ દરેકે ઉપસ્થિત રહેવું જરૂરી બને છે અને મામલતદાર કચેરીમાં ખૂબ જ લાંબી લાઈનો લાગે છે અને ઘણીવાર કાર્ય થતું નથી અને પાછા જવું પડે છે.

હવે એક સમસ્યા એ ઉત્પન્ન થઈ છે કે KYC કરવામાં એક વસ્તુ દરેક શહેર અને ગામડાઓમાં ઉત્પન્ન થઈ છે એ છે કે રેશન કાર્ડ ધારકોના પોતાના તેમજ પરિવારના સભ્યોના છેલ્લે જ્યારે રેશન કાર્ડ પાછલા બે–ત્રણ વર્ષ પહેલા રીન્યુ કરવામાં આવ્યા હતા. ત્યારે જે આધાર કાર્ડ આપવામાં આવ્યા હતા એની જગ્યાએ રીન્યુ સેન્ટર દ્વારા કે સરવરની ભૂલના કારણે પરિવારના સભ્યોના નામ સાથે અન્ય લોકોના નામ લિંક થયા છે એ સમસ્યા દરેક જગ્યાએ ઉદ્ભવી રહી છે અને એનું નિરાકરણ કરવા પણ મામલતદાર કચેરીએ ધક્કા ખાવા પડી રહ્યા છે. આ સમસ્યાને કારણે આયુષ્યમાન કાર્ડ ધારકોને માંદગીની સમસ્યા અંગે હોસ્પિટલોમાં આયુષ્યમાન કાર્ડમાં આધાર કાર્ડ લિંક થતું ન હોવાથી; ડાયાબિટીસ લેતા દર્દીઓ તેમજ હાર્ટ અને કેન્સરના દર્દીઓને સારવાર મેળવવા તકલીફ પડી રહી છે. આ અંગે સરકારશ્રીને વિનંતી છે કે શહેરમાં દરેક જગ્યાએ વિવિધ કેમ્પોનું અને ગામડાઓમાં પંચાયતમાં આ સુધાર કરવા આયોજન કરવા આવે એવી લોકોની માંગ છે. ગત સપ્તાહ દરમ્યાન નવસારી રામજી મંદિર ખાતે એક કેમ્પ નગરપાલિકાના સહયોગથી યોજવામાં આવ્યો હતો પણ ત્યાં આ સમસ્યા માટે મામલતદાર કચેરીનો જ સંપર્ક સાધવા જણાવ્યું હતું. લોકોની પરેશાની દૂર કરવા અને સમસ્યાનો ત્વરિત નિકાલ કરવા ધારાસભ્યોશ્રીઓ એ સરકારને રજૂઆત કરવી એ જ નમ્ર વિનંતી છે.

મંચ
નાદિરખાન
નવસારી
મો : 76982 25005

પ્રશ્નોત્તરી – ૧૨૧૦

ઈસ્માઈલ એ. સોનેજી B.Sc., B.Ed.

(૧) ક્યા ખલીફાએ મસ્જિદે અકસા પર જીત મેળવી હતી ?
(૨) મસ્જિદે અકસામાં એક નમાઝનો સવાબ કેટલા ગણો મળે છે ?
(૩) UEFA ચેમ્પિયનશિપમાં સૌથી વધુ વાર કઈ ફૂટબોલ ટીમ જીતી છે ?
(૪) એવો ક્યો દેશ છે જેમાં માણસોની વસતી કરતાં ઘોડાઓની વસતી વધુ છે ?
(૫) ભારતમાં યુધ્ધમાં સૌપ્રથમ તોપનો ઉપયોગ કોણે કર્યો હતો ?

પરખ–૧૨૦૮નાં જવાબ :

(૧) ‘અખ્નુખ’ હઝરત ઈદ્રિસ અલયહિસ્સલામનું નામ છે.
(૨) દુઆને ઈબાદતોનું મગજ કહેવામાં આવે છે.
(૩) ભારતીય વાયુદળનાં વડા અમરપ્રિત સિંઘ છે.
(૪) હુમાયુંનામા ગુલબદન બેગમે લખ્યું છે.
(૫) આસિયાનનું હેડકવૉર્ટર જાકાર્તા (ઈન્ડોનેશિયા)માં આવેલું છે.

પાંચ સાચા જવાબ આપનાર વાચકો :
આબેદીન નૂરમોહંમદ જેડા–સિક્કા (જામનગર).
ચાકી ઈમ્તિયાઝ અબ્દુલગની–મથલ.

નોંધ : Google પર સર્ચ કરવાથી ઘણાં પ્રશ્નોનાં જવાબ મળી શકે તેમ છે. જેથી આપનાં જ્ઞાનમાં વધારો થશે.

નોંધ : ઓછામાં ઓછા ત્રણ સાચા જવાબ હશે તેમનાં નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.

નોંધ : પરખના જવાબ SMS મારફત પણ મોકલી શકાય છે. મોબાઈલ નં. 81415 78692 (ઈસ્માઈલ સોનેજી)

મુસાખાનના સવાલ મુફતી સાહેબના જવાબ

પ્રશ્નોના જવાબ સુન્ની હનફી મસલક પ્રમાણે છે

સવાલ : કહેવાય છે કે ઘણાં વલીઅલ્લાહના મઝાર પર પગે ચાલીને જવાથી ચોથાઈ હજ્જનો સવાબ મળે છે અને એવા વલીઅલ્લાહનો મઝાર આપણા વતન કચ્છમાં પણ છે કે કેમ ?

જવાબ : વલીઅલ્લાહના મઝારની ઝિયારત માટે અદબ, માન માટે તન્દુરસ્ત મર્દ જો પગે ચાલીને જાય અને તેથી તેની નમાઝો કઝા ન થાય અને ખિલાફે શરઅ (શરીઅત વિરુધ્ધની) કોઈ હરકત અને કામ ન થાય તો અદબ ને કારણે સવાબ છે. પણ ચોથાઈ હજનો સવાબ એ બિલ્કુલ જહાલત (અજ્ઞાનતા) અને ખોટી વાત છે, શરીઅતમાં એની સાબિતી ક્યાંય પણ નથી.

સવાલ : વલીઅલ્લાહ અથવા મા–બાપ અથવા ઉસ્તાદ અથવા મુરશિદ અથવા કોઈ આલિમે દીનની કબરને બોસા દેવા વિશે શો હુકમ છે ?

જવાબ : વલીઅલ્લાહ અથવા મા–બાપ, મુરશિદ, ઉસ્તાદ વગેરેની કબ્રને અદબથી બોસા દેવાની મનાઈ નથી. પણ અવામને એની મનાઈ છે કારણ કે સમજ ન હોવાને કારણે સજદહ જેવું થઈ જશે તેથી જો સમજદાર અને ઈલ્મવાળાએ પણ બોસો દેવાની ઈચ્છા હોય તો સામાન્ય લોકોની હાજરીમાં બોસા ન દેવા જોઈએ. માત્ર અદબથી ઉભો રહી હાથ બાંધી થોડા અંતરે ઉભો રહી સલામ પેશ કરે અને ઈસાલે સવાબ કરે.

સવાલ : જંગલમાં એક કબર છે પણ એ કબર કોની છે તે કંઈ પણ ખબર નથી, મઝકુર કબર ઉપર ફાતેહા પઢવી કે નહિં ?

જવાબ : જો ગુમાન ગાલિબ જણાય કે મુસલમાનની જ કબર છે તો ઈસાલે સવાબ માટે ફાતેહા પઢે અને જો કાંઈ પણ ખબર પડતી નથી અને કબર પણ આમ મુસલમાનોની કબર જેવી છે તો અગર ફાતેહા પઢે તો એવી રીતે પઢે કે જો આ કબરમાં મોમિન બંદો હોય તો “અય અલ્લાહ તું તેની મગફિરત કર નહિં તો આ રસૂલે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઉમ્મતના મરહૂમોને”. બાકી ફાતેહા પઢવી કાંઈ ફર્ઝ તો છે નહિં તો ન પઢે.

સંકલન : મૌલાના મુસાખાન એમ. પઠાણ
મુ. પો. દહીંસરા, તા. ભુજ–કચ્છ.

ફીરોઝ ચાકી : Mo. : 99782 21888
તૌસિફ ચાકી : Mo. : 99988 71666
અમીત ઓપ્ટીકસ
ફ્રી કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ
સસ્તું અને સારૂં
દુકાન નં. ૨, શ્રી પ્રસાદ કોમ્પલેક્ષ, મહેરઅલી ચોક, ભુજ-કચ્છ.
ખાવડા મેસુક ઘરની બાજુમાં, હોસ્પિટલ રોડ, ભુજ.

ડિલક્ષ ઉમરાહ 99000 સફર ૨૧ દિવસ
બજેટ ઉમરાહ 77500 સફર ૧૭ દિવસ
રવાનગી નવેમ્બર ઈન્શાઅલ્લાહ
અમદાવાદ થી અમદાવાદ ડાયરેકટ ફલાઈટ
ડિલક્ષ મદીના હોટલ 200 મીટર અને મક્કા હોટલ 500 મીટર
બજેટમાં મક્કા-મદીનાની હોટલ ૮૦૦ થી ૯૦૦ મીટર
● ઉમરાહ અદાયગી ● ઝિયારત ● શોપીંગ દરેક જગ્યાએ સાથે
● લગેજ બેગ ● હેન્ડબેગ ● તસ્બીહ
● ઉમરાહ ગાઈડ ● ૫ લી. ઝમઝમ ● અનલિમિટેડ લોન્ડ્રી ફ્રી
ઈરાક-બગદાદ ઝિયારત 95000/- સફર દિવસ 12
ઉમરાહ સાથે ઈરાક ઝિયારત 195000/- સફર દિવસ 27
: વધુ માહિતી અને બુકીંગ માટે સંપર્ક કરો :
જીલાની ટુર
ધાયરા પીર દરગાહ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, માંડવી-કચ્છ
સૈયદ પીર ઝૈનુલઆબેદીન જીલાની
ફોન : ૯૯૦૯૮ ૬૬૭૮૬

ઈકબાલભાઈ : ૯૯૦૯૦ ૭૨૫૭૦
એકતા ફર્નિચર
વુડન અને સ્ટીલ ફર્નીચરના રીટેલ તેમજ હોલસેલ વેપારી
રૂદ્ર રેસીડેન્સી, રેલ્વે કોસીંગ પાસે, એરપોર્ટ રોડ, ભુજ-કચ્છ.

: નોંધ :

ફારૂક સાપ્તાહિકમાં આવતી વ્યવસાયિક જાહેરાતોમાં સેવા અને ગુણવત્તાના દાવાઓ વિજ્ઞાપનદાતાઓ દ્વારા થાય છે તેની ખરાઈ વાચકોએ કરવાની રહે છે.

મઝહબી લખાણોની બેઅદબી ન થાય તે અપેક્ષિત છે. – તંત્રી

SINCE : 2000
ફારૂક સાપ્તાહિક
દર શુક્રવારે વ્હોટ્સએપ પર ફારૂક સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો :
મુસ્તાકભાઈ સીદી
96629 33957

ગનીભાઈ : ૯૮૨૫૫ ૯૯૪૮૫, ૯૬૬૪૭ ૧૬૫૫૮
હાજી ઉસ્માનગની હુસેન ખલીફા
(ગઢશીશાવાલા)
આધુનિક પધ્ધતિથી સ્પ્રે લગાડી પીડા રહિત સુન્નત (ખત્ના) બેસાડનાર
માત્ર એક પટ્ટી દ્વારા ખત્ના કરનાર
હાજી અબ્દુલકરીમ ઉસ્માનગની ખલીફા
૯૮૭૯૦ ૯૨૧૩૫
તાહા હેર આર્ટ
મસ્જિદે તયબાહની બાજુમાં, ગઢશીશા, તા. માંડવી-કચ્છ.

ફારૂક સાપ્તાહિક
વાર્ષિક લવાજમ રૂ. 150/– | Gpay - 99092 26786

ગનીભાઈ એમ. કુંભાર (વારસાગત)
97125 97343
હકીમ વૈદ
સ્પે. હાડકા, ફેકચર, ચામડીના રોગો, સંધીવા, સાઈટીકા, કમરનો દુઃખાવો, માથાનો દુઃખાવો, ગેસ, હરસ, મસા તથા દરેક પ્રકારના રોગોનું નિદાન કરનાર
ભીડ નાકા બહાર, મહેદી કોલોની, સુરલભીટ રોડ, ભુજ.
સવારે ૯ થી ૧, બપોરે ૩ થી ૬ સુધી
દર રવિવારે બંધ રહેશે

મેગા વિન્ટર મેલા... મેગા વિન્ટર મેલા...
વિન્ટેજ કલોથ
ઈમ્પોર્ટેડ ગરમ કપડાના હોલસેલ તથા રીટેલના વ્યાપારી
રૂા. ૨૦ થી રૂા. ૧૦૦૦ સુધી
જેન્ટ્સ જેકેટ, લેડીઝ જેકેટ, ચિલ્ડ્રન જેકેટ, સ્વેટર, હુડીસ, સ્વેટશર્ટ, પયઝામા, વુલકેપ અને ઘણું બધું વ્યજબી ભાવમાં બેસ્ટ કલોલિટી પ્રોડકટ્સ
વિવિધ ફોટો અને વિડીયો માટે જુઓ ઈન્સ્ટાગ્રામ / ફેસબુક : vintageclothesbhuj
એરપોર્ટ રોડ, ડી-માર્ટ મોલ થી ૧૦૦ મીટર આગળ, ભુજ-કચ્છ. અબ્દુલશા સૈયદ : 99795 20343

મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય ગૃહશાળા ભુજ
જેમણે ઈમાન રાખી સારા કાર્યો કર્યા તેઓ બાગોના માલીક થશે
આમદભા – ભુજ
હાલનું સરનામું : આમદભાના નિવાસ સ્થાને પોલીસ સ્ટેશન પાછળ, સરપટ નાકા અંદર, ભુજ. ફોન : ૯૯૭૪૮ ૪૩૬૩૨
હાલે ૧૧૦ વૃધ્ધ, મંદ બુધ્ધીના જરૂરતમંદને વિના મૂલ્યે એક ટકની ટીફીન સેવા આપવામાં આવે છે. કામ ઈચ્છુક યુવકોને સહયોગ આપવામાં આવશે.
ગૃહશાળામાં બહેનોને સહકાર આપવામાં આવે છે.
ઝકાત, ખયરાત, હદીયો, લીલ્લાહ ઘઉં, ચોખા, તેલ સ્વીકારવામાં આવે છે. અલ્લાહ એ આપેલ છે તેમાંથી થોડો તેની રાહમાં ખર્ચ કરો.
સુખની તલાશ : આ મુસ્લિમ ગ્રુપ પાસે સખીદાતા ગ્રુપ ઓછો છે. છતાં વૃધ્ધ સંખ્યા ૧૧૦ની રસોઈ બને છે. સાથે (રોટલા, શાક, ભાત) બનાવવા અને પાર્સલ પહોંચાડવા માટે બહેન કામ ઈચ્છુક સંખ્યા ૨૦ને રાહત રોજગાર અપાય છે. આ જુની નીતીઓ થકી ગરીબીને ભગાડી શકીશું. ગ્રુપની આશા : વધુ સખીદાતાઓ જોડાય. દર માસે હિસાબના વધ-ઘટની જાહેરાત આપવામાં આવે છે.
મળવાનો સમય : સવારે ૧૦ થી ૧૧ –વિચારક : આમદભા
સંપર્ક : હારૂનભાઈ ખત્રી : ૯૯૨૫૮ ૫૪૧૭૦ - ડો. શહીદાબેન અરોરા : ૯૭૧૨૪ ૪૯૦૯૦
કાનૂની સલાહકાર : અશોક સી માંડલિયા (એડવોકેટ) : ૯૮૨૫૧ ૯૯૯૦૯.
Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044



નામ : નબીલ અહમદ શેખ,
ધોરણ : ૧૦ (અંગ્રેજી માધ્યમ),
શાળા : મુસ્લિમ હાઈસ્કૂલ,
ગામ : ભુજ-કચ્છ.

છબી ‘છબી’ વિભાગમાં વિદ્યાર્થીઓના સ્વહસ્તે દોરેલ ચિત્રો મફત પ્રસિધ્ધ કરવામાં આવે છે. ટપાલ, વ્હોટ્સ એપ નં. 9662933957 કે ઈ-મેઈલ farooqsaptahik@gmail.com દ્વારા ચિત્ર, વિદ્યાર્થીનો ફોટો અને વિગત મોકલી શકાય છે. A-4 સાઈઝના લીટી વગરના કોરા કાગળ પર ચિત્ર દોરવા.

અરેબીક અને ઈન્ડિયન અત્તર, પરફ્યુમ્સ
પરફ્યુમ મેકિંગ મટીરીયલ, લોબાન-બખૂર
તથા હજ-ઉમરાહ હદીયા માટે
ઝમઝમ બોટલ, તસ્બીહ વગેરે આઈટમ્સ
મેળવવા માટેનો વિશ્વાસપાત્ર સ્થળ
હરમૈન પરફ્યુમ્સ
હોલસેલ તથા રિટેલ
عطورات حرمين
વોકળા ફળિયા, ભુજ-કચ્છ.
9638900669 harmainperfumes
SWISS ARABIAN Rasasi

યસ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને ઈનામ અપાયા

(ન્યૂઝ ડેસ્ક)

યતીમખાના એહલે સુન્નત સંચાલિત યસ પ્રાથમિક શાળામાં રંગોત્સવ સંસ્થા દ્વારા યોજાયેલ આંતરરાષ્ટ્રીય આર્ટ સ્પર્ધાના ઈનામ વિતરણ તેમજ શિક્ષક દિનના ઈનામો આપવામાં આવ્યા. આ સ્પર્ધામાં પ્રાથમિક શાળાના ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાંથી શાળાના ૧૮ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં નંબર મેળવ્યા હતા. મેમણ જીનતબાનું એ ટ્રોફી તથા કુંભાર આસીસ, કક્કલ બિલકિસ, કુંભાર આસિયાના, ત્રાયા રિઝા, ચાકી તબસ્સુમ, ચાકી ઉમેરા અને લુહાર રેહાને ગોલ્ડ મેડલ મેળવ્યા હતા તથા ૫ વિદ્યાર્થીઓએ સિલ્વર અને ૫ વિદ્યાર્થીઓએ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા અને શિક્ષક દિવસના પ્રથમ ક્રમ મણકા અશાલીના દરકાશ, દ્વિતીય ક્રમ સીદી જેનબ સતાર અને તૃતીય ક્રમ કુંભાર નાદીરાનો આવ્યો હતો.

શાળાના આચાર્ય અબ્દુલમજીદ કુંભાર, સુપરવાઈઝર નસીમભાઈ ખત્રી તથા વર્ગ શિક્ષકોના હસ્તે ઈનામ અને પ્રમાણપત્ર અપાયા. કાર્યક્રમનું સંચાલન પઠાણ અરબાઝે કર્યું હતું.

બહેનો માટે વેકેશનમાં રમઝાન કોર્ષ

(ન્યૂઝ ડેસ્ક) મદરસાએ ગૌષીયા લિલ બનાત, કુંભાર મસ્જિદ પાછળ, કેમ્પ વિસ્તાર, ભુજમાં વેકેશન દરમ્યાન તા. ૧ થી ૧૫ નવેમ્બર – ૨૪ દરરોજ સાંજે ૪ થી ૫ બહેનો માટે માહે રમઝાનની ફઝીલત અને મસાઈલ સમજાવતો વેકેશન બેચ રાખવામાં આવેલ છે. **રસ ધરાવતી બહેનોએ નીચે આપેલ QR કોડ સ્કેન કરી બેચમાં જોડાઈ શકે છે.** દરરોજ ૪૫ મિનીટનો લેકચર હશે. ૧૫ મિનીટ પ્રશ્નોના જવાબ આપવામાં આવશે.

ગુલઝારે મુસ્તફા સાર્વજનિક ટ્રસ્ટ આયોજિત

સમૂહ શાદી ૧૯ જાન્યુઆરીના

(ન્યૂઝ ડેસ્ક) ગુલઝારે મુસ્તફા સાર્વજનિક ટ્રસ્ટ, ભુજ સંચાલિત ૧૩મી સમૂહશાદી ભુજ ખાતે તા. ૧૯–૧–૨૫ ના યોજાશે. ફોર્મ વિતરણ ચાલુ છે. ફોર્મ ભરી પરત કરવાની તારીખ ૧૦–૧૨–૨૪ છે. ફોર્મ પ્રાપ્ત કરવા તથા અન્ય પૂછપરછ માટે સંપર્ક કરો : હાજીમોહંમદ રફીક બલોચ (પ્રમુખ), ભારત લોન્ડ્રી, જત ટી હાઉસની સામે, મોટાપીર રોડ, સંજોગનગર, ભુજ. ફોન : 96873 14318.

સમૂહ શાદીમાં જોડાવવા માટે દુલ્હાની ઉમર ઓછામાં ઓછી ૨૧ વર્ષ અને દુલ્હનની ઉમર ઓછામાં ઓછી ૧૮ વર્ષની હોવી ફરજીયાત છે.

મુસ્લિમ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ જૂડોમાં રાજ્ય કક્ષાએ રમ્યા

THE MUSLIM EDUCATION & WELFARE SOCIETY

(ન્યૂઝ ડેસ્ક)

મહેસાણા ખાતે આયોજિત રાજ્યકક્ષાની જૂડો સ્પર્ધામાં મુસ્લિમ એજ્યુકેશન ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધું હતું. આ સ્પર્ધામાં શાળા તરફથી રાયમા અંજર અનવર, ફરજ અયાન ઈમરાન, શેખ સાનિફ અશરફ અને પલેજા નોમાન સલીમ રમવા ગયા હતા જેમાંથી પલેજા નોમાન સલીમ ત્રીજા નંબરે વિજેતા થયા હતા. આ સ્પર્ધા માટે શાળાના રમતગમત શિક્ષક શેખ મુસાહિદ વિદ્યાર્થીઓ સાથે રહ્યા હતા. માર્ગદર્શન રમતગમત શિક્ષકો અયાઝ એચ. ઝાખરા અને સુમરા હમીદ ઓસમાણ એ પૂરૂં પાડ્યું હતું. શાળાના આચાર્ય અને ટ્રસ્ટ મંડળે અભિનંદન આપ્યા હતા.

શાહ ઝકરીયા શાળામાં ગણિત–વિજ્ઞાન લેબનું ઉદ્ઘાટન

SCIENCE LAB

(ન્યૂઝ ડેસ્ક)

જમીઅત ઉલમા એ હિન્દ સંચાલિત શાહ ઝકરીયા (હાજીપીર) પબ્લિક સ્કૂલ, અંજાર મધ્યે WAAH ફાઉન્ડેશન અને ડો. વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સહયોગથી અદ્યતન વિજ્ઞાન – ગણિત પ્રયોગશાળા ખુલ્લી મૂકાઈ જેથી શાળાના તેમજ અન્ય શાળાના વિદ્યાર્થીઓ આ પ્રયોગશાળાનો લાભ લઈ શકે.

વિજ્ઞાન અને ટેક્નોલોજીના આ સ્પર્ધાત્મક યુગમાં સમયની માંગને ધ્યાનમાં રાખી શાળાના વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ સફળતા પ્રાપ્ત કરે, પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવે તેમજ પોતાનું, સમાજનું અને દેશનું નામ રોશન કરે તેવા ઉદ્દેશ્ય સાથે આ પ્રયોગશાળા ખુલ્લી મૂકવામાં આવી છે.

કાર્યક્રમનું સંચાલન રહીમાબેન કુરેશી (એજ્યુકેશનલ ડાયરેક્ટર) દ્વારા કરવામાં આવ્યું હતું. સહયોગી તરીકે શાળાના HOD એ કાર્યક્રમ માટે જહેમત ઉઠાવી હતી.

કુંભાર આગેવાનને માર મારનારા આરોપીઓને માધાપર પોલીસ છાવરે છે : રફીક મારા

(ન્યૂઝ ડેસ્ક)

અખિલ કચ્છ મુસ્લિમ કુંભાર સમાજના પ્રમુખ રફીક એ. મારાએ પશ્ચિમકચ્છ SP અને બોર્ડર રેન્જના I.G. ને બહોળી સંખ્યામાં ઉપસ્થિત જમાઅતના સદસ્યો સાથે રજૂઆત કરી છે કે, સમાજના વ્યાપારી આગેવાન જાફર સાલેમામદ કુંભાર (અંજાર) અંજારથી ભુજ તરફ આવી રહ્યા હતા તે દરમ્યાન શેખપીરથી આગળ ખાનગી લકઝરી બસે જાફરભાઈની કારને ટક્કર મારી ડ્રાઈવર નાસી છૂટયો હતો. આ ઘટના બાદ માધાપર પોલીસ ચોકી પહેલા લકઝરીને ઊભી રાખી કારમાં થયેલ નુકશાનની વાતચીત કરવા જતા બસ ડ્રાઈવર તથા તેના સાથે રહેલ ચાર–પાંચ સાગરીતોએ જાફરભાઈને માર–મારી, તેમની દાઢી ખેંચી અને ઉશ્કેરણીજનક અને સાંપ્રદાયીક અપશબ્દ કહ્યા છે. સરહદી કચ્છ જીલ્લાની એકતા અને અખંડીતતા તોડી કોમી ઉન્માદ ફેલાય તેવો કૃત્ય આચરી એક સામાજિક આગેવાનની મોબલિંચિંગ કરેલ છે.

આ ઘટના બાદ ભોગ બનનાર જાફર કુંભારે સવારના ૧૦ કલાકે સારવાર માટે G.K. જનરલ હોસ્પિટલ ભુજ મધ્યે દાખલ થઈ, હોસ્પિટલ ચોકી મધ્યે M.L.C. દાખલ કરાવી હતી. ત્યાર બાદ માધાપર પોલીસ ચોકીના અધિકારીએ હોસ્પિટલ આવી 'દાઢી ખેંચી અને મુસ્લિમો વિરૂધ્ધ એલ–ફેલ બોલવાનું' ફરિયાદમાંથી કાઢી અને સાદી ફરિયાદ લખાવવા ફરિયાદીને દબાણ કરેલ. આ સમગ્ર મુદ્દે માધાપર PSI સાથે ફોન પર વાત કરતા સાહેબથી ચર્ચા કરી કાર્યવાહિ કરાવું છું તેવું જણાવેલ. ત્યાર બાદ આ મુદ્દે P.I. ગઢવી જોડે ફોન પર ચર્ચા થતા કાર્યવાહી કરવાની ખાતરી આપેલ. ત્યાર બાદ ફરી એક વખત હોસ્પિટલ મધ્યે માધાપર ચોકીના બંને ફોજદારો અમારી હાજરીમાં ફરિયાદીને અપમાનિત કરેલ.

૨૪ કલાક બાદ પણ ફરિયાદ દાખલ ન કરી માધાપર પોલીસ અધિકારીઓ દ્વારા આરોપીઓને છાવરવામાં આવી રહ્યા છે તેવું રફીક મારાએ કહ્યું છે.

JIHનું પ્રતિનિધિ મંડળ પ્રભાસ પાટણની મુલાકાતે

(ન્યૂઝ ડેસ્ક)

જમાઅતે ઈસ્લામી હિન્દ (JIH)એ એક યાદીમાં જણાવ્યું છે કે, હાલ થોડા દિવસો પૂર્વ ગીર–સોમનાથ જીલ્લાના પ્રભાસ પાટણ ખાતે તંત્રનું અન્યાયી બુલડોઝર ઔલીયાએ કિરામના મઝારો, મસ્જિદો અને કબ્રસ્તાન પર ફરી વળ્યું અને જોત જોતામાં સેંકડો વર્ષો જૂની ઈમારતોને જમીનદોસ્ત કરી દેવામાં આવી. આ અત્યાચારી કાર્યવાહીથી માત્ર પ્રભાસ પાટણ અને વેરાવળનો મુસ્લિમ સમાજ જ નહીં પરંતુ આખા દેશના મુસ્લિમ સમાજ અને ન્યાયપ્રિય નાગરિકો વ્યથિત અને ચિંતિત છે. પ્રભાસ પાટણના મુસ્લિમ સમાજના આંસુ લુછવા, તેમની હિંમત વધારવા અને યથાસંભવ સહાયતાની બાંહેધરી આપવા JIHના એક પ્રતિનિધિ મંડળે તા. ૮–૧૦ ના પ્રભાસ પાટણની મુલાકાત લીધી. આ પ્રતિનિધિ મંડળમાં દિલ્હીથી પધારેલ JIHના ઉપપ્રમુખ ઈન્જિનીયર મો.સલીમ, કેન્દ્રિય સચિવ મોહમ્મદ શફી મદની, ગુજરાતના પ્રમુખ ડો. મો. સલીમ પટીવાલા, APCR ગુજરાતના સેક્રેટરી ઈકરામ મિર્ઝા અને સૌરાષ્ટ્રના નાઝિમે ઈલાકા અલ્તાફ શેખ શામેલ હતા.

યુવા કાર્યકર બશીર ગોહિલ અને ઘાંચી સમાજના પ્રમુખ યુસુફ પટેલે મીટિંગનું આયોજન કરેલ. મીટિંગમાં આવી દુઃખદ ઘટનાઓના સમયે ત્રણ પ્રકારની કામગીરી કરવાની હોય છે. પ્રથમ તો કાનૂની લડાઈ, બીજું રાજનૈતિક દબાણ અને રજૂઆત અને ત્રીજું મિલ્લતની હિમ્મત અને જુસ્સો વધારવા અને તેમને હુંફ આપવાના પ્રયત્નો. અમો આ કામ માટે જ અહીં આવ્યા છીએ.

સમસ્ત મુસ્લિમ સમાજના પ્રમુખ અફઝલભાઈ અને નિવૃત્ત સરકારી અધિકારી જહાંગીરભાઈએ આખા બનાવનું વર્ણન કર્યું હતું. તંત્રએ આગેવાનોને અંધારામાં રાખી, જૂઠા બહાનાઓ બનાવી આગેવાનોને હાઉસ અરેસ્ટ કરી લીધા અને એકત્ર થયેલ સમૂહને વિખેરી આ કામગીરી પૂરી પાડી હતી.

ઘાંચી સમાજના પ્રમુખ યુસુફ પટેલ અને ઔલીયાએ દીન કમિટીના ઈસ્માઈલ ભાઈએ સૌનો આભાર માન્યો હતો.

કચ્છમાં બળાત્કારનાં વધતા જતા બનાવો સામે પોલીસતંત્ર નિષ્ફળ : કચ્છ કોંગ્રેસ

કચ્છ જીલ્લા કોંગ્રેસ સમિતિ

(ન્યૂઝ ડેસ્ક) કચ્છ જીલ્લા કોંગ્રેસ સમિતિએ તા. ૧૦–૧૦ ના ભુજ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી કુ. અંજલી ગોર દ્વારા આડેસર બળાત્કાર બનાવને વખોડતા આક્રોશપૂર્વક જણાવ્યું હતું કે કચ્છના પોલીસતંત્રની નિષ્ફળતા અને ધરપકડમાં વિલંબના લીધે આરોપી નરાધમોને છૂટી જવાનો પૂરતો સમય મળી રહેલ છે. તપાસમાં ત્રુટીઓ રાખીને તમામ આરોપીઓ નિર્દોષ છૂટી જાય છે તેનું નલિયા સામૂહિક બળાત્કાર કાંડ ઉદાહરણ છે. સમગ્ર ભારતને શર્મસાર કરનાર આ નલિયા કાંડના આરોપીઓને ભાજપની સરકારે હેમખેમ છોડાવી લીધા અને નલિયા કાંડની સાચી હકીકત પણ બહાર ના આવી. આ પોલીસની પ્રારંભિક તપાસના આશીર્વાદ થી બન્યો.

પશ્ચિમ બંગાળમાં બળાત્કાર થાય તો ખૂબ હોબાળો થાય જ્યારે ગુજરાતની ભાજપ સરકારમાં ૧૫ દિવસમાં ૧૦ બળાત્કારના બનાવો બને છે તો ભાજપ તથા મહિલા મોરચો અને ભગીની સંસ્થાઓ કેમ ચૂપ છે ? ભાજપના રાજમાં ત્રણ વર્ષમાં 6,524 બળાત્કારની અને 3,527 છેડતીની ઘટનાઓ છતાં ગુજરાતમાં એકે આરોપી કે નરાધમોને ફાંસી કેમ નહીં ? તેવો પ્રશ્ન કુ. ગોરે કર્યું હતું.

આડેસરની સગીર દલિત યુવતીની બળાત્કારની ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી ન હતી. મેડિકલ ચેકઅપ ત્રણ દિવસ બાદ કરાઈ હતી. કામદાર કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતભાઈ સોલંકીએ આ તમામ આરોપીઓ સામે પોસ્કો હેઠળ ગુનો નોંધી અને મદદગારી કરનારાઓની પણ ધરપકડ કરી ધાક બેસે તેવી કાર્યવાહી કરવા જણાવ્યું.

આ પત્રકાર પરિષદમાં ધીરજ ગરવા, રામદેવસિંહ જાડેજા, ગની કુંભાર, નગર સેવિકા આઈશુબેન સમા, હમિદ સમા, હાસમ સમા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ઊંચી વ્યાજખોરી તથા દારૂના દૂષણ ને ડામવા સરકાર કડક કદમ ઉઠાવે : ઈત્તિહાદુલ મુસ્લેમીન

(ન્યૂઝ ડેસ્ક)

ઈત્તિહાદુલ મુસ્લેમીન એ હિન્દ ટ્રસ્ટ, અંજાર દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી, ગૃહમંત્રી તેમજ DGP ને પત્ર પાઠવી આવેદન કર્યું છે કે અહિંસા અને ન્યાયના સિધ્ધાંતના પ્રણેતા દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની માતૃભૂમિ ગુજરાત રાજ્યમાં વ્યાપક પ્રમાણમાં દારૂ અને ઊંચી વ્યાજખોરીનું દૂષણ પ્રસર્યો છે જેને ડામવા આપણે મહદઅંશે નિષ્ફળ રહ્યા છીએ. સમાજના નીચલા તબક્કાના લોકોમાં દારૂની નશાખોરી તેમજ વ્યાજનું સંકળામણ તેમના જીવન પર માઠી અસર કરે છે. સંસ્થાએ રાજ્યમાં સમાજને કોરી ખાતાં દારૂ અને વ્યાજખોરીના દૂષણને ડામવા સરકાર સખ્ત થી સખ્ત કદમ ઉઠાવે તેવી અપીલ સંસ્થા દ્વારા છે.

દારૂ રાજ્યમાં ચોમેર સરળતાથી ઉપલબ્ધ હોઈ મજૂરી કામ કરી રોજનું કમાવવા વાળો મજૂર વર્ગ સાંજે પોતાના પરિવારને અનાજ કે અન્ય જીવન જરૂરિયાતો પૂરી કરવાના બદલે આખા દિવસની કમાણી દારૂમાં ખર્ચ કરી નાખે છે. રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર દારૂના દૂષણને ડામવા પ્રતિજ્ઞા રૂપી ઈરાદો કરે તો ચોક્કસપણે આ દારૂના દૂષણને સમાજમાંથી દૂર કરી શકાય છે. જેથી સરકાર અને પોલીસ તંત્રએ સખ્તાઈથી કાર્ય કરવાની જરૂર છે. મોટા ભાગના દારૂના ધંધાર્થીઓ પર પોલીસની મીઠી નજર હોવાથી જ દારૂનું દૂષણ સમાજમાં ફૂલ્યું ફાલ્યું છે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

સમાજ માટે દારૂથી પણ ખતરનાક દૂષણ ઊંચી વ્યાજખોરી છે, જેનો શિકાર સમાજનો દરેક તબક્કો છે. રાજ્યમાં હજારોની સંખ્યામાં ધીરધારના વ્યવસાય સાથે ફાઈનાન્સ પેઢીઓ ધમધમે છે. અનેક પેઢીઓ વ્યાજે નાણા ધીરનાર ગરીબ, મજલૂમ, જરૂરતમંદો પાસેથી માસિક 5% થી 20% જેટલું તગડું વ્યાજ વસુલે છે. આવું ગેરકાયદેસર વ્યાજ વસુલતી મોટા ભાગની ધીરધાર પેઢીઓ સમાજમાં લોહી ચૂસી સમાજનું શોષણ કરી રહી છે. જેની સામે રાષ્ટ્રીયકૃત બેન્કો વાર્ષિક 3% થી 15% સુધીનો વ્યાજ મેળવે છે. વ્યાજખોરોના ચુંગલમાં ફસાયેલા લોકો પાસે કોઈ જ વિકલ્પ ન હોઈ આત્મહત્યા કરી પોતાનું અમુલ્ય જીવન ટૂંકાવે છે. પોલીસ તંત્ર પાસે આ સંદર્ભે ફરિયાદો પણ થાય છે પરંતુ 'ધીરધાર'ની સામાન્ય કલમો હેઠળ ગુનો નોંધી પોલીસ આ ઊંચા વ્યાજખોરોને જામીન પર મુક્ત કરી દેતી હોય છે. જેથી આવા વ્યાજખોરો બેફામ બનતા જાય છે.

સંસ્થાના પ્રમુખ હાજીમોહમ્મદ આગરીયા તેમજ ટ્રસ્ટીઓ હાજીજુમા રાયમા, ઈનામુલહક ઈરાકી, હાજીયુસુફ સંઘાર, સૈયદ હૈદરશા પીર, અનવરશા સૈયદ, હાજીનૂરમામદ રાયમા તથા સંસ્થા પરિવારે ઉક્ત અનુરોધ કર્યો છે એવું સંસ્થાના પ્રવક્તા જલાલશા સૈયદની યાદીમાં જણાવાયું છે.

રજી. નં. ઈ-૩૩૫૦/કચ્છ.

મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ

નવા રેલ્વે સ્ટેશન સામે, ભુજ-કચ્છ. ફોન : ૭૩ ૮૩ ૮૫ ૩૩ ૫૦

તા. ૧૪/૧૦/૨૦૨૪ સુધી મળેલ દાન

1,01,212/-	બાયઠ સુન્ની મુસ્લિમ યુવા સંગઠન	બાયઠ
25,000/-	સૈયદ ફૈસલશા હાજી જલાલશા	ભુજ
61,000/-	ઈસ્માઈલ હાજી ઉમર કુંભાર	ગાંધીધામ
70,786/-	રવાપર કુંભાર યુવા સર્કલ	રવાપર
51,000/-	ખત્રી હાજી આદમ હાજી નૂરમહંમદ	ગઢશીશા
24,860/-	સોલારીસ કંપનીના કામદારો તરફથી	ખાવડા
30,000/-	લુહાર કાસમ ઈબ્રાહીમ	નખત્રાણા
	લુહાર જાકબ હુસેન	-
5,000/-	અમીત ઝેરોક્ષ	ભુજ
	(ચાકી હાજીહમીદ અલીમામદ)	-

રૂા. ૫,૦૦૦/- થી વધુ દાન આપનાર દાતાઓના નામ 'ફારૂક' સાપ્તાહિકમાં તેમની સહમતી થી પ્રસિદ્ધ કરવામાં આવશે

એ.કે. ફેબ્રીક્સ
નમાઝ ટોપી, હાજી રૂમાલ
ઓઢણા સ્કાર્ફ
રૂમાલી
વિમલ સ્ટેશનરી પાસે, સિધ્ધી બુક સ્ટેશનરી સામે, બેઝમેન્ટ,
કચ્છી દશા શ્રીમાળી જૈન વાડી, વાણીયાવાડ, ભુજ-કચ્છ.
ફોન : ૯૪૦૮૪૪૬૯૬૯, ૯૧૦૬૬૯૭૯૩૦, ૯૪૨૬૬૭૮૬૦૬.

નવેમ્બર 2024
ઉમરાહ
ભુજ થી ભુજ
બુકિંગ શરૂ
₹ 99,000
15 દિવસ
1446
2025
હજ બુકિંગ શરૂ
خادم الحجاج سروس
SINCE 2006
ખાદિમુલ હુજ્જાજ ટુર્સ
હજ ◆ ઉમરાહ ◆ ઝિયારત ટુર આયોજક
હેડ ઓફિસ : કે.બી.સી. બંધેજ ઉપર, અનમ રિંગ રોડ, ભુજ-કચ્છ.
હાજી ગફુર ખત્રી, (કે.બી.સી. બંધેજ) ભુજ M: 98259 93786
હાજી આરીફ દાફરાની, મુંબઈ M: 98925 60735
મુફીઝુલરહેમાન, ભુજ M: 99138 40786
મૌલાના હાજી સુલેમાન માંજોઠી, માંડવી M: 99256 62586
હાજી મોહંમદભાઈ (ન્યુ કે ટેઈલર), ભુજ M: 90990 53532

Editor, Printer, Publisher and Owner Yousuf A. Jat, Printed at Elite Printers, Opp. Sumra Deli, Bhuj-Kutch and Published from Maiwali street, Sawaya faliya, Bhuj-Kutch(Gujarat). Mo. : 98253 76396
તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક યુસુફ એ. જત; મુદ્રણ સ્થાન : એલાઈટ પ્રિન્ટર્સ, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છથી છાપીને માઈવાલી શેરી, સવાયા ફળીયા, ભુજ–કચ્છથી પ્રસિદ્ધ કર્યું. મોબાઈલ : ૯૮૨૫૩ ૭૬૩૯૬, E-Mail : farooqsaptahik@gmail.com